## પ્રકરણ ૨.

## દલપત ચૌહાણઃવ્યક્તિત્વ અને સાહિત્ય પરિચયઃ

૧.વ્યક્તિત્વઃ

ગુજરાતી દલિત સાહિત્યના આરંભકાળથી દલપત ચૌહાણનું પ્રદાન રહ્યું છે.દલિત સાહિત્યની ઓળખ માટે સંઘર્ષ કરનાર દલિત કર્મશીલોમાંના તેઓ એક છે.દલિત સાહિત્ય પ્રત્યે પ્રતિબદ્ધ એવા આ સર્જકનું ગુજરાતી દલિત સાહિત્યમાં નોખું પ્રદાન છે.દેશને સ્વતંત્રતા મળી એ પહેલાં જન્મેલા અને અસ્પૃશ્યતા જેવી કડવી વેદના જેમણે અનુભવી છે એવાં દલિત સાહિત્યકારોમાંના તેઓ એક છે.તેમણે પોતાની રચનાઓમાં દલિત સમાજની ગતિવિધિ,તેમની પીડા,દમન,સવર્ણ સમાજ દ્વારા દલિતોનું થયેલું આર્થિક શોષણ,અસ્પૃશ્યતા,ધાર્મિક અંધવિશ્વાસ વગેરેનું ખુબ જ ઝિણવટભર્યુ અવલોકન પ્રસ્તુત કર્યુ છે. જે તેમની રચનાઓમાંથી પસાર થતાં આપણને જણાય આવે છે. તેથી જ તેમની રચનાઓમાં સત્યનો અનુભવ આપણને થાય છે.આ સર્જકની રચનાઓમાં મુખ્યત્વે દલિત સમાજનાં પાયાના પ્રશ્નો શિક્ષણ,ઉછેર,દલિત સમાજમાં ઘર કરી બેઠેલા વ્યસનો,તેમની રહેણીકરણી,રીતિ-રિવાજો,બંધારણ લાગુ થતા દલિતોને મળેલા અધિકારો પછી તેમની વિચારસરણી,દલિતોમાં આવેલું સામાજિક પરિવર્તન,આર્થિક સ્થિતિમાં સુધારો,ગરીબાઇ,સ્વતંત્ર વિચારસરણીનો અભાવ વગેરે રજુ થવા પામ્યા છે.

૨.જન્મ તેમજ તેમનો થયેલો ઉછેરઃ

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મંડાલી ગામે ધૂળાભાઇ પૂંજાભાઇ ચૌહાણના પરિવારમાં દલપત ચૌહાણનો જન્મ તા.૧૦-૦૪-૧૯૪૦ના રોજ થયો હતો.તેમના પિતા ગુજરાતી ત્રણ ચોપડી ભણેલા હતા.વ્યવસાયે પ્રાથમિક શિક્ષક હતા.ધૂળાભાઇનો પરિવાર વિશાળ હતો.તેમના વિશાળ પરિવારમાં ચાર દીકરા અને ત્રણ દીકરીઓનો સમાવેશ થતો હતો.ત્રણ દીકરાઓમાં દલપત ચૌહાણનો ક્રમ ત્રીજો હતો.આટલું વિશાળ કુટુંબ ધરાવતા ધૂળાભાઇ એ વખતે ઓછું મહેનતાણું જેમાંથી મળતું એ શિક્ષકનો વ્યવસાય કરતા હતા.ટૂંકા પગારમાં આટલા વિશાળ કુટુંબનું ભરણ-પોષણ કરવુ શક્ય ન બનતા તેઓ શિક્ષકનો વ્યવસાય છોડી પરંપરાગત વણાટકામનો ધંધો શરુ કરે છે.વણાટકામનો ધંધો કરતા પિતાને આર્થિક રીતે મદદરુપ થવા માટે તેમને બાળપણથી જ મજુરીએ જોડાવુ પડે છે.મજુરીએ જતા દલિતોને આર્થિક ગુલામીની સાથે સામાજિક ગુલામીનો પણ ભોગ બનવુ પડતુ.બાળપણમાં મજુરી દરમ્યાન થયેલા આભડછેટના કડવા અનુભવોની આપવીતી તેઓ પોતાની કથામાં આવતા દલિત બાળ પાત્રોના આલેખાન દ્વારા કરી આપે છે.જેમકે‘ગીધ’ નવલકથાનો નાયક ઈસો.બાલ્યાવસ્થામાં દિવાળીના ઘરે પેંડારિયા તરીકે રહેતા ઈસાની મનોસ્થિતિ, ઉચ્ચવર્ણનાં લોકો દ્વારા થતું શાબ્દિક અપમાન આ બધાનો અનુભવ સર્જકને પણ બાલ્યાવસ્થામાં થયો હતો.અસ્પૃશ્યતાનો-આભડછેટનો અનુભવ એમના માનસ પર ઊંડી છાપ પાડે એટલી સમજણ બાળવયે વિકસી ન હોવા છતાં ઘૃણાભરી નજરને પારખવા જેટલી સમજણ તો આવી જ ગયેલી.બાલ્યાવસ્થાથી જ આભડછેટ અને ઉચ્ચનીચની ઘટનાઓનો અનુભવ એમની કલમને ધારદાર બનાવામાં મહત્વનો ભાગ ભજવે છે.બાળપણની આ ઘટનાઓનો આક્રોશ

એમની કલમ દ્વારા પ્રસ્તુત થવા પામ્યો છે.બાળપણના આ કડવા પ્રસંગો અને કડવી વેદનાને પોતાની પ્રથમ નવલકથા મલકની પ્રસ્તાવના'લ્યો મારી વાત કહું'માં રજુ કરતા જણાવે છે"માની આંગળી પકડીને પહેલી પગલી મુકી હશે!નેજવુ કરીને આંગણામાં બેઠાં બેઠાં સૂરજનાં કિરણો સામે જોતાં શીખ્યો હોઇશ!ત્યારે કદાચ મારામાં કશુંક અંકુરાયુ હશે?ખબર નથી.મારાં ઘરનાં નળિયાની છાયામાં મારી બાલચેષ્ટાઓ રમી,જમી હશે!લીંપણ નીચેની ભીંતો તેની સાક્ષી છે,પણ મને તેની સ્મૃતિ નથી.હા...વખતના વહેણમાં અચાનક એમ દિવસ ઉઘાડે શરીરે મેં મારી જાતને પાણીની ભીખ માંગતા જોઇ..મારાં નાનકડા એક હાથમાં ખાલી લોટો હતો,અને બીજા હાથમાં માની આંગળી.મારાથી હાથવા છેટે કોઇક સ્ત્રી તેના રાંઢવાથી બંધાયેલા ઘડામાંથી ઉપર હાથે હસતાં હસતાં લોટામાં પાણી રેડી રહી હતી,અમને અડી ન જવાય,તેની સહજ સાવચેતી રાખી રહી હતી.એ કોણ હતું એ ન કહી શકું પણ...સામે ગામકૂવો હતો,વડલો હતો.દૂર તળાવની પાળ હતી.દૂર ખેતરોની વાડ લંબાયે જતી હતી.કદાચ માગસરનું ખુલ્લુ આકાશ!સાથે સૂરજ રાશવા છેટે હૂંફ લઇ ઊભો હતો.માને માથે પાણી ભરેલુ માટલુ હતું.હું ઘડીક રેડાતા પાણીની ધાર તરફ તો,ઘડીક માના ચહેરા તરફ જોતો.પાણી રેડતાં ઊડતા છાંટા પીપળાના પાનને જેમ પવન ધ્રજાવે એમ મને ધ્રજાવતા હતા.અને...આ રીતે પાણી માંગવા જવાનો ક્રમ કેટલો વખત ચાલ્યો હશે...કદાચ કહી ન શકું.પાણી ભીખવું એ કદાચ મને ગમતુંય હોય(એ વેળા...)ન પણ ગમતું હોય,છતાં એટલુ તો ચોક્કસ યાદ છે કે અમારા વાસને કોઇ કૂવો નહોતો,નદી નહોતી,ખાદ્દરું નહોતું.ચોમાસે નેવાનાં પાણી પીતાં અને પછી સવર્ણોને કૂવે કૂવે,ખેતરે ખેતરે પાણી ભીખવા જવુ પડતું,અરે હા...ભીખનું પાણી ઉપર હાથે માટલામાં પાણી રેડાતું,ખેતરે પાણી નીકમાંથી ભરવુ પડતું,ખેતરે જતાં કોનો કોસ ચાલું છે,તેનું ખાસ ધ્યાન રખાતું,રખે બે ગાઉનો ખાલી ધક્કો પડે!ક્યારેક ગરાક સીવાયના સવર્ણ પાણી પણ ન ભરવા દેતા."[1]સામંતશાહી પરિવેશમાં પોતાની બાલ્યાવસ્થા વિતાવનાર સર્જકને લગભગ દરેક દલિતને થાય છે એવા કડવા-માઠા પ્રસંગોનો અનુભવ થયો છે.પાણી માટેના વલખા,પાણીની ભીખ માંગવી પડે એવી અવદશા દલિત કોમમાંથી અવનાર સર્જકની થયેલી છે.આ બધુ તેમની નવલકથાઓમાં પુરી વાસ્તવિક સભાનતા સાથે નિરુપિત થવા પામ્યુ છે.પાણી ભીખવુ પડતુ,ખેતરે ખળા માંગવા જવુ પડતું,કાળી મજૂરી વેઠ અને અંતે અપમાન તો હોય જ.હિન્દુધર્મના આ આભડછેટના ખરજવાનો રોગ મુસ્લીમ ધર્મના લોકોને પણ લાગ્યો.મુસલમાનો પણ દલિતોનું અપમાન કરતા તેમની સાથે આભડછેટ રાખતા.દલિતોની નવવધૂઓના મીઢંળ છોડવાની વિધિ કરવામાં આવતી.મંદિરની જેમ દરગાહમાં પણ દલિતોને પ્રવેશ નહીં.આમ માત્ર હિન્દુ સવર્ણોં જ નહી પણ મુસ્લિમો પણ દલિતોની સાથે આભડછેટ પાડતા અને પડાવતા.ગામના લોકો પીરની બાધા રાખતા અને માનતા પુરી થતા બકરાની બલિ ચઢાવવામાં આવતી ત્યાં જ માંસ રંધાતુ-માંસની ગંધ દલિત વાસે પહોંચતા ગામના દલિતો એંઠવાડ લેવા દોટ મુકતા.આ દોટમાં સર્જક પોતે પણ સામેલ થતા એનો એકરાર સર્જક પોતાની નવલકથાની પ્રસ્તાવનામાં કરે છે.તે જોઇએ

"હા...ભીખ માંગવા અમે કબ્રસ્તાનમાં જઇ શકતા(દર્શન માટે નહીં)અને એ ભીખટોળીમાં હું જ મારા હાથે પકડાયો..હું સાંભળતો હતો."સાલ્લાં ઢે...લોક જોતે નઇ;ઠેઠ આંચ ઉપર આવતે હૈં,!અમુકુ અભડાઇ મારે,આઘા રો."શબ્દના એ ઝાટકે હાથમાં રહેલા વાટકામાંનો માંસના એંઠવાડનો રસોય ધ્રૂજી

ગયો હતો.બીજા હાથની મુઠ્ઠીમાં પકડેલો ઠેઠાનો ટુકડોય ભીંસાઇ ગયો હતો.એ દિવસ મારી જેમ રુવે રુવે દાઝી ગયો હતો.શરમથી મારામાં કશુંક તૂટી ગયું હતું."[૨]જન્મથી જ દલિતની સાથે આભડછેટ-અસ્પૃશ્યતા આવે છે તો સાથોસાથ ગરીબી પણ એને વારસામાં મળે છે.બાલ્યાવસ્થામાં સર્જકે ભોગવેલી આર્થિક હાડમારી એમને મજબુત બનાવે છે.સાત વર્ષની ઉંમરે બે મોટી બહેનો સાથે એમને ગામની ગુજરાતી શાળામાં પ્રવેશ મેળવ્યો પણ ગામના સાફ-સુથરા(અંદરથી મેલાં)લોકોથી દૂર બેસવાનું,એમને અડી ન જવાય એની કાળજી રાખવી પડતી.પીવાનું પાણી માંગીને પીવુ પડતુ.આવી અપમાનજનક સ્થિતિ હોવા છતાં તેઓ ભણવાનું છોડતા નથી.બાળપણની એ કડવી યાદોને વાગોડતા લેખક નોંધે છે "મંદિર અને ઘંટનો અવાજ મને ગમતો(મંદિર તો આટલા વર્ષય અંદરથી જોયુ નથી)નિશાળ પ્રવેશની વેદના કહુ કે આનંદ એની છણાવટથી અત્યારે શું?પાછલા બારણેથી પ્રવેશ કરીને બધાથી અલગ બેસીને મેં એકડા સાથે શું શું ઘૂટયુ હશે?"[3] શાળાજીવનના કડવા દિવસોની વેદના તેમની કલમ દ્વારા સાહિત્યમાં ઉતરી છે.અનુભવની સચ્ચાઇનો રણકો આપણને તેમના શબ્દોમાં વર્તાય છે.એમના પ્રથમ કાવ્યસંગ્રહ'તો પછી'ની 'અસ્પૃશ્યતા'કવિતામાં બાળ દલપતના મનમાં ઘુમરાયેલા સવાલો માર્મિક રીતે વ્યકત થવા પામ્યા છે.

"શાળાનો પ્રથમ પ્રવેશ;

હતો સાક્ષાત પ્રલય

ધ્રૂજતા હાથે પાટીમાં એકડો નહી.

બળબળતા સહારાની અંગાર ભૂમિ શી.

ધબકતી છાતીમાં લખી મારી જાત."[૪]

આવા ગામડામાં દલિતોએ માથે નાનપણમાં ટોપી અને મોટાઓએ માથે પાઘડી કે રૂમાલ અંગોછો બાંધવો પડતો.સર્જક પોતાના ગામ પ્રત્યેની લાગણી વ્યકત કરતાં જણાવે છે

"ગામ મને અજાયબ છે હજીય.(માનવીઓ સીવાય)ગામ તળાવની પાળે છૂપી રીતે ચડી જઇ ઊમરાં અને મહુડાં વીણ્યાનો આનંદ છાતીમાં અકબંધ છે.કણઝીની ઢોકળીઓ અને આંબા-વાડિયાની કેરીઓ ચોરવાની લાલાશ હજીયે આંખોમાં તરે છે.પીળા બોરફૂલથી લહેરાતો બાવળ,પીળા ફળે લીલીછમ લચેલી રાયણ,મને એવા તો ગમતા કે ન પૂછો વાત."[૫]ગામડાની આ રમ્યતા તેમને આમ કહેવા પ્રેરે છે.

ઈ.સ૧૯૪૭માં દેશ આઝદ થયો એના બીજા વર્ષ-૧૯૪૮માં દલપત ચૌહાણનો પરિવાર ગામડાની ચુંગાલમાંથી છૂટીને અમદાવાદ રહેવા આવી જાય છે.જીવણલાલ જેઠાલાલની ચાલીમાં રહેલી નાની ઓરડીમાં શહેરી જીવનનો આરંભ થયો.એ વખતના પોતાના શરૂઆતના દિવસોને વાગોડતા તેઓ જણાવે છે."વણાટકામ છોડી બાપા અમદાવાદ વસેલા.કાપડમિલમાં થ્રોસલખાતામાં'સાંચાવાળા'તરીકે કામ કરતા રખિયાલ ગામ પાસેની ચાલીમાં ભાડાની ઓરડીમાં રહેતા.ત્યારે કોઇ વાહનવ્યવહારના સાધનો નહિ.ગાડું ખરું!કોઇ ના બેસવા દે.ચાલતા સિદ્ધપુરથી અંગ્રેજોની ગાડી અમને મા સાથે અમદાવાદ લઇ

ગયેલી."[૬]ગામથી શહેર અને શહેરથી ગામ તરફની આવન-જાવન એમની ચેતનાને ગઢવામાં મહત્વનો ભાગ ભજવે છે.અમદાવાદમાં સ્થાયી થયા બાદ એમના શહેરી શિક્ષણની શરૂઆત અમદાવાદના રખિયાલની ગુજરાતી શાળા.નં.૧થી થાય છે.અમદાવાદના આરંભિક શિક્ષણના દિવસોને સંભારતા તેઓ નોંધે છે કે "લ્યો કહો.અહી નિશાળ ઉઘડવાની હોય તે પહેલા'માસ્તર'ચાલીએ ચાલીએ ઘૂમી વળે અને સાત વર્ષથી મોટી ઉંમરના બાળકોના નામ લખીને કહે'નિશાળે મોકલજો નહી તો દંડ થશે...!હુંય રખિયાલ ગુજરાતી શાળા નં.૧માં દાખલ થઈ ગયો.અહીના રિવાજ નોખા.કોઈ દૂરનાં બેસે.બધા અડોઅડ.કોઈ જાત ના પૂછે;નાતના પૂછે.નામ પૂછે તો દોસ્તી પાક્કી ગલ જેવી.અહી વીસમી સદીના મારા આશ્ચર્ય જેવો એકડો ઘૂટ્યો.વિદ્યા ચઢી.મારાં શિક્ષક પ્રહલાદભાઈ મહેતા...એક દિવસ મારી ભૂલે હાથ પકડી ફટકાર્યો!વાહ...મારું મન કહેતું...ગામડામાં તો પેલા માસ્તર લાકડાની આંકણી દૂરથી છૂટ્ટી ફટકારતાં!પછી આંકણી પર પાણી છંટાવીને પકડતા.અહો...અમદાવાદ...ખરું કહું હું ત્યારે રડેલો.આંસુય આવ્યાં હતાં,પણ કદાચ...સુખનાં હોય."[૭]ગામડાની શાળામાં ખૂણામાં બેસીને ઘૂટેલા એકડાં કરતાં શહેરની શાળામાં ઘૂટેલો એકડો વધારે મરોડદાર બને છે.કારણકે શહેરનું મુકત વાતાવરણ ગામડાની પેલી આભડછેટને ભૂલીને વધારે સમાન અધિકાર આપે છે.ગામડાથી અલગ શહેરમાં થયેલા અનુભવ વિશે જણાવતા કહે છે"મને અહીં સમતા,સમાનતા મળ્યાનો ભાવ થયો.એક જ નળે પાણી ભરતી બધી જ કોમને જોઈ....ચાલીએ ચાલીએ કૂવા હતા,નળ આવતા બધા નળે ભેગા થતા.નિશાળમાં બધાની સાથે ભેદ-ભાવ વિના બેસવાનું.શિક્ષકો પણ સારા હતા."[૮]

ઉચ્ચ શિક્ષણનો અભ્યાસઃ

કુટુંબની આર્થિક પરિસ્થિતિનાં અભાવો વચ્ચે તેમને માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ મેળવ્યો.શિક્ષણ મેળવવાની ઉત્તમ તક હોવા છતાં ગરીબી અને આર્થિક તંગીના લીધે કેટલુક સહન કરવાની પરિસ્થિતિ પણ ઊભી થઈ.ગણવેશ અને પગરખાનાં અભાવે કેટલીકવાર શાળાએથી પાછા ફરવું પડતું.એ વખતે ચાલી રહેલી મહાગુજરાત આંદોલનની ચળવળની અસર કિશોરવયનાં દલપત પર પણ થયેલી.તેમના મોટાભાઈ ચતુરભાઈએ તો અઢી માસની જેલની સજા પણ ભોગવી હતી.ઈ.સ૧૯૬૦માં તેઓ મેટ્રીકની પરીક્ષા પાસ કરે છે.ત્યાર બાદ ઉચ્ચ અભ્યાસ અર્થે ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવે છે.અને બી.એ-પ્રથમ અને દ્વિતીયનો અભ્યાસ પૂર્ણ કરે છે.અને છેલ્લા વર્ષ માટે સી.ટી.કૉલેજમાં પ્રવેશ મેળવે છે.એ જ વર્ષ એટલે કે ઈ.સ ૧૯૬૩માં વિસનગરના દીપરા વિસ્તારના વણકર વાસમાં રહેતા ખેમાભાઈ પરમારની દીકરી રેવા સાથે એમના લગ્ન થાય છે.ઈ.સ૧૯૬૪માં તેઓ સ્નાતક થાય છે.અભ્યાસની સાથે ખેલકૂદમાં એમને શાળાજીવનથી જ વિશેષ રસ હતો.આ રસ-રુચિને પોષવામાં કૉલેજના મુકત વાતાવરણે સાથ-સહકાર આપ્યો.રમત-ગમતની સ્પર્ધાઓમાં અવાર-નવાર ભાગ લેવાનું બનતુ.તેમનો અનેરો ઉત્સાહ જોઈને તેમને એન.સી.સીના કપ્તાન બનાવવામાં આવે છે.રાષ્ટ્રિય સ્તરે કબડ્ડીની રમતમાં ગોલ્ડ મેડલ પણ મેળવે છે.એક સારા રમતવીર હોવા છતા આર્થિક તેમજ સામાજિક જવાબદારીઓના કારણે રમત-ગમત ક્ષેત્રમાં આગળ વધી શકતા નથી.તો પોતે એલ.એલ.બી કરવાનું ધારેલ એ સ્વપ્ન પણ અધૂરુ રહે છે.અને નોકરી મળતા એલ.એલ.બી નો અભ્યાસ અધવચ્ચે છોડવો પડે છે.ઈ.સ૧૯૬૪માં તેઓ એસ.ટી.કોર્પોરેશનમાં

કારકુનની નોકરીમાં જોડાય છે.ત્યારબાદ તેઓ ૧૯૬૬ માં'ગુજરાત સરકાર હિસાબ નિયામક શ્રીની કચેરી ગાંધીનગર'ખાતે કારકુન તરીકેની નોકરી સ્વીકારે છે.કામ કરવાની ધગશ અને નિયમિતતા તેમની પ્રગતિમાં વધારો કરે છે.ઈ.સ ૧૯૯૮માં તેઓ એકાઉન્ટન્ટની ફરજ બજાવતા બજાવતા નિવૃત્ત થાય છે.હાલમાં તેઓ ગાંધીનગર સેકટર-૭માં પોતાના મોટા પરિવાર સાથે સામાજિક અને સાહિત્યિક પ્રવૃતિમય જીવન વિતાવી રહયા છે.

પારિવારિક જીવનઃ

દલપત ચૌહાણની પત્નીનું નામ રેવાબેન પરમાર છે.જે સતત તેમનો સાથ આપી રહ્યા છે અને એ રીતે તેમનું દામ્પત્યજીવન સુખી છે.દલપત ચૌહાણના સંતાનોમાં ચાર બાળકો છે જેમાં બે દીકરાઓ છે જેમના નામ ચારુલકુમાર,શાર્દૂલકુમાર તેમજ બે દીકરીઓ અપ્નવિકા અને દૈપાલિકા છે.એક સામન્ય ગરીબ દલિત કુટુંબમાં જન્મેલા અને જેમનું બાળપણ ગરીબીમાં વિત્યું એવા આ સર્જકે ગરીબાઈને ખુબ જ નિકટથી અનુભવી છે.

સાહિત્યિક કારકિર્દીઃ

પોતાના સર્જક તરીકેના વિકાસમાં બાળપણના અનુભવો અને માતાના મોઢે સાંભળેલી વાર્તાઓ,પોતાની આસપાસ બનતી ઘટનાઓ એમને સર્જનમાં ઉપયોગી થાય છે.જે અંગે તેઓ નોંધે છે કે"મા સાંજે સુતા પહેલા વાર્તા માંડે'એક અતા કાબરબાઇ....મને વાર્તા સાંભળવી ગમતી.વાર્તા સાંભળવી ગમે એટલે લખતાં આવડે એવું થોડું છે?અને એકડોય કયાં આવડતો હતો."[૯]વાર્તા સાંભળવી ગમે એટલે લખતાં આવડી જ જાય એવું નથી.બીજાં ઘણા વાનાં એમાં જોઈએ.એ બધા એમને શહેરી જીવનના અનુભવમાંથી પ્રાપ્ત થાય છે.સાહિત્યિક ઘડતરનો પાયો અહી નંખાય છે.૧૯૭૦ની આસપાસ ગઝલ(ધારા,નીરવ જેવા સામયિકો) કવિતા લખવાની શરૂઆત થયેલી.એ દરમ્યાન તેઓ આંબેડકરીય વિચારધારાના સંપર્કમાં આવ્યા.ધીરેધીરે અભ્યાસુ બન્યા.અને ત્યાં'દલિત સાહિત્ય'ના નામથી થઈ રહેલા પ્રચાર-પ્રસારને ગુજરાતી સાહિત્યમાં લાવવાની ઈચ્છા જાગે છે.પોતાના સમાજની સમસ્યાઓને એની સંવેદનાઓને પણ સાહિત્યમાં વાચા મળે તેમજ ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યધારાને એક ચોકકસ જગ્યા મળે એ હેતુથી પ્રેરાયને પોતાના કેટલાક કવિમિત્રો જેવા કે પ્રવિણ ગઢવી,રમેશચંદ્ર પરમાર,યોગેશ દવે,નીરવ પટેલ વગેરેને સાથે રાખી ૧૯૭૮માં દલિત કવિતાના પ્રચારાર્થે દલિત પ્રતિબદ્ધ કવિતા'આક્રોશ'નામનું ઋતુપત્ર પ્રકાશિત કર્યું.આ પહેલા દલપત ચૌહાણની પ્રથમ દલિત કવિતા'વ્યથા'ઈ.સ ૧૯૭૩ માં 'આર્તનાદ'માસિકમાં પ્રસિદ્ધ થાય છે.

ગુજરાતી દલિત સાહિત્યના પ્રવર્તકોમાં દલપત ચૌહાણ પ્રથમ શ્રેણીના દલિત સાહિત્યકાર છે.ગુજરાતમાં જ્યારે ઈ.સ. ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામત વિરુદ્ધ આંદોલનો થયા ત્યારે દલપત ચૌહાણ,મનીષી જાની,રાજુ સોલંકી,સાહિલ પરમાર,પ્રવીણ ગઢવી જેવા શિક્ષિત અને પ્રતિબદ્ધ કર્મશીલોએ દલિતો પર થયેલા અમાનુષી અત્યાચારોને પોતાની કલમ દ્વારા સાહિત્યિક વાચા આપી હતી.

સૌ પ્રથમ ઈ.સ.૧૯૭૮ની ૧૪મી એપ્રિલના રોજ ગુજરાતી દલિત કવિતાઓ'આક્રોશ'સામયિકમાં પ્રગટ થાય છે.જેના અધ્યક્ષ રમેશચંદ્ર પરમાર અને સંપાદક દલપત ચૌહાણ,પ્રવીણ ગઢવી,નીરવ પટેલ અને યોગેશ દવે હતાં.આ પત્રિકાના પ્રથમ પાના ઉપર સંપાદકિય કંઈક આ પ્રમાણે હતું'મૂક આક્રંદ આજે વાચા પામે છે ને સર્જાય છે ગુજરાતી દલિત સાહિત્યની પ્રથમ કવિતા નામે આક્રોશ:દલિત સાહિત્યના સર્જકોએ તેમની વ્યથા,પીડા અને સવર્ણોની તેમના તરફી ભેદદષ્ટિને આ સામયિકમાં આક્રોશ સાથે પ્રગટ કરીયે છીએ'.

'ગાંઠના ગોપીચંદ'ખરચીને દલિત સાહિત્યને એક ઓળખ મળે એ હેતુથી દલપત ચૌહાણ 'કાળો અંગ્રેજ'ઋતુપત્ર ૧૯૭૯માં પ્રકાશિત કરે છે.આ ઋતુપત્રના તંત્રીપદે તેમણે ૧૯૭૯થી ૧૯૮૫ સુધી ફરજ બજાવી.આ સમયની વાત કરતા તેઓ નોંધે છે"પછી તો દલિત સાહિત્ય સંદર્ભે'લોગ આતે ગયે,કારવા બનતા ગયા.'દલિત સાહિત્યના પ્રચારાર્થે દેખાવો કરવા અનિવાર્ય જણાય ત્યારે એમણે દેખાવો પણ કર્યા.કોઇકે ધિકકાર્યા કોઇકે સ્નેહ આપ્યો અને આમ આખરે દલિત-સાહિત્યને આધાર મળતા સ્થિર થવા માંડયુ."[૧૦]એ સમયના પોતાના અનુભવને વ્યક્ત કરતા સાહિલ પરમાર કહે છે"ધીરુભાઇ ન માન્યા અને જેના વિશે કોઇ જોરાવર જણ લાગે છે એવો મારા મનમાં અભિપ્રાય બંધાયેલો તે વ્યક્તિ તે દલપત ચૌહાણ.કાળો સૂરજના સાતમાં અંકમાં એમણે મારી એ કવિતા છાપી અને ત્યારથી મારો દલિત કવિ સાહિલ પરમાર તરીકેનો નવો જન્મ થયો.કાળો સૂરજ તેઓ ગાંઠના પૈસે કાઢતા અને મારા જેવા અનેક કવિઓને તેમણે કવિતાની ભૂમિ પૂરી પાડેલી.દલપતભાઇ સાથેની મારી એ પહેલી મુલાકાત.ધુરંધરો સામે માથાં પછાડનાર જોરુકા જણ તરીકેની.એમણે ધીરુભાઇ પરીખ હોય કે પિનાકીન ઠાકોર,રઘુવીર ચૌધરી હોય કે હરીકૃષ્ણ પાઠક,ઉમાશંકર જોશી હોય કે ચંદ્રકાંત ટોપીવાળા....કેટલાયની સામે માથા પછાડ્યાં છે.કોરા કવિ તરીકે નહીં,પણ કર્મશીલ કવિ તરીકે ખડે પગે કામ કર્યુ છે.દલિત સાહિત્યના આજે થયેલા વ્યાપક સ્વીકારમાં એમના દિમાગ,જીભ,કલમ અને કર્મશીલતાનો બહુ મોટો ફાળો છે."[૧૧]એમની સાથેનો બીજો એક ખટ-મધુરો પ્રસંગ જણાવતા સાહિલ પરમાર કહે છે"૧૯૮૫-૮૬માં એલ.જી.હોસ્પિટલ,મણીનગરમાં એક ડોક્ટરે દેવીપૂજક જ્ઞાતિના નર્સ પર બળાત્કાર કર્યાની ઘટના બનેલી,તેના વિરોધમાં દલુભાઇ,રાજુ સોલંકી અને હું ડબલું,કલર,કુચડો લઇને એલ.જી.ની દીવાલો પર સૂત્રો લખતા હતા ત્યારે પાનના એક ગલ્લાવાળાએ અમને બોલાવીને તતડાવ્યા કે મને પૂછયા વગર અને મારી મરજી વગર અહીં કોઇ કશું લખી શકતું નથી.તમે કોને પૂછીને આ લખો છો?રાજુ અને હું તો ગભરાઈ ગયા હતાં,પણ દલુભાઈએ પેલાને કહ્યું:જો દોસ્ત,હાલ અમને અમારું કામ કરી લેવા દે,પછી અમે તને મળીયે છીએ.અમને કહ્યું:ચલો કામ ચાલુ રાખો.બધી બાજુની દિવાલો પર સૂત્રો લખી રહ્યા પછી અમે પેલા ગલ્લાવાળાને મળવા ગયા.દલુભાઈએ કહ્યું:અમને જી.કે.પરમારે મોકલ્યા છે.બોલ,તારે શું કરવું છે?પેલો તો ઠંડો જ પડી ગયો.અમારા માટે ચા મંગાવી.એના ચા-પાણી પીને રાત્રે દોઢ-પોણા બે વાગે અમે છૂટા પડ્યા.ભારતીય સામ્યવાદી પક્ષ(માર્ક્સવાદી)સી-પી.આઇ.એમ.ના જી.કે.પરમારનો એટલો તાપ હતો ત્યારે.દલુભાઇ જો એ વખતે હિંમતથી અને સલુકાઇથી કામ લીધું ન હોત,તો અમને મેથીપાક નક્કી હતો."[૧૨]

વૈચારિક આદર્શ:

દલપત ચૌહાણના વૈચારિક આદર્શ તરીકે ડો.આંબેડકર રહ્યા છે.એમના સિંદ્ધાંતો અને કાર્યોને અનુસરી એમને પોતાના માર્ગદર્શક બનાવ્યા છે.જેની અસર આપણને તેમના સાહિત્યમાં જોવા મળે છે.એમના સર્જક તરીકેના ઘડતરમાં વાચનનો બહોળો શોખ પણ જવાબદાર છે.અમદાવાદ જેવા શહેરમાં રહેવાનું થતાં વાચન સામગ્રીનો બહોળો લાભ મળે છે.પોતાના વાચન શોખ અને સર્જન મંથન અંગે તેઓ જણાવે છે"હું ખુબ વાચતો.વાર્તા,નવલકથા,કવિતા.શબ્દ સાથે રમતરોળિયા કરતો.બધામાં હુ મને શોધતો.મારા પૂર્વજો એમનાય પૂર્વજો...વડવાઓને શોધતો,ભોઠો પડતો,કોઇ જ નહતા."[૧૩]કવિતા સર્જનથી પોતાની સર્જક-યાત્રાનો પ્રારંભ કરનાર દલપત ચૌહાણને એ પછી ગદ્ય-સર્જનનો વિચાર આવે છે.એમના કેટલાક સર્જક મિત્રો પણ એમની પાસે આવી અપેક્ષા રાખતા થયા.તો કેટલાક સંજોગો પણ આ માટે ઉપસ્થિત થતાં ગયા.ગુજરાતી દલિત સાહિત્યના સદનશીબે‘ગુજરાત સાહિત્ય અકાદમી’દ્વારા કથા સાહિત્ય સંદર્ભે આબુ ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યુ.આ શિબિરમાં ભાગ લેવાની તક દલપત ચૌહાણને મળી.શિબિરમાં જોડાયેલા અન્ય સ્વાધ્યાયીઓ પણ કવિમિત્રો હોવાથી ગદ્યલેખનની તાલીમમાં પૂરતો સાથ-સહકાર મળી રહે છે.ગદ્યલેખનની આ તાલીમ દરમ્યાનની પોતાની મનોસ્થિતિને જણાવતા દલપત ચૌહાણ નોધે છે"લ્યો દોડવું હતું ને ઢાળ મળ્યો.યોગાનુયોગ ગુજરાત સાહિત્ય અકાદમીએ કથા-સાહિત્યનો સેમિનાર આબુ મુકામે યોજ્યો.ચાલો આપણેય પહોચી ગયા.મનમાં નક્કી કે ગદ્યને શીખી લેવું ચપટી વગાડતા.આશા અને વિશ્વાસના તંગદોર પર મક્કમતાથી ડગ માંડ્યા.પણ ત્યાં જતા જોયું તો ભેગા થયેલા લગભગ બધા જ કવિઓ હતા.સંચાલકો,સંચાલિત એક જ વેલાના તૂંબડા.મારાં તો વહાણ ડૂબ્યા પણ થયું આવ્યા છીએ તો ખાલી હાથે નહીં જવાય.કંઇક તો જડશે.આ કવિઓ વાર્તાકાર થવા આવ્યા હશે.વાર્તા વિશે વાતોના દોર શરુ થયા."[૧૪]દલપત ચૌહાણને મતે સર્જક જન્મતો નથી પણ ઘડાતો હોય છે.તેઓ પોતે પોતાના સર્જક તરીકેના આવિષ્કારને જન્મજાત ગણતા નથી.આબુની શિબિરના પોતાના અનુભવો વિશે જણાવતા કહે છે."આબુનાં ભાખરાઓમાં અમે રખડતા રહ્યા.વાર્તાના પ્લોટ-ઘડતર,જડતર,આદિ,મધ્ય,અંત,ચમત્કૃતિ,ભાષા,શબ્દ,વિચાર બધાની ચર્ચાઓ વૃક્ષોની સાક્ષીએ થતાં રહ્યા.ભીતર કશુંક ટિપાતુ,તુટતું ઘડાતું રહ્યું.નખી તળાવ ને ઘેરી વળેલાં ભાખરાઓ ઉપર ટેટ્રાપોડ જોયો.અરે!આ તો કુદરતે ઘડેલી કવિતા-વાર્તા શિલ્પની અનન્ય કૃતિ.શિલ્પની વાર્તા...એક હતો પહાડ,પહાડ પર વિશાળ પથ્થર...બાજુમાંથી રોજ ગીતો ગાતો પવન પસાર થાય.પથ્થરને ગલીપચી કરે.પથ્થર તો પીગળતો જાય.હસતો જાય,ઘસાતો જાય...અને એક દિવસ પથ્થર ટેટ્રાપોડ થઇ ગયો.દેડકાનો છોરો.જાણે હમણા જ છલાંગ મારીને છબ્બાક છબ્બાક નખી સરોવરમાં તરવા પડશે. બાપ રે... વિશાળ-કાય દેડકો."[૧૫]આમ,પોતાના સામજની વાસ્તવિકતાથી પરિચિત દલપત ચૌહાણને કાલ્પનિકતાનો સહારો મળે છે.કથાસાહિત્ય બહોળા સમાજને પ્રગટ કરવામાં કવિતા કરતાં વિશેષ સફળ થતુ હોય છે.પોતાની વાર્તાઓમાં પોતાનો સમાજ પોતાની આગવી ઓળખ સાથે ઉતરી રહ્યો છે અને વધારે સ્પષ્ટતાથી પ્રગટ કરવાનો છે.એ અપેક્ષા તેમને સતત લખતા રહેવા પ્રેરણા પુરી પાડે છે.તેમની પહેલી વાર્તા ગુજરાતી વાર્તા-સાહિત્યના માસિક‘ચાંદની’માં‘બદલો’છપાય છે.એ વખતે પોતાને થયેલ આનંદ વિશે જણાવતા તેઓ નોંધે છે"મારી પ્રથમ વાર્તાની નાયિકા છે ગંગામા.મારા ગામની જોડેના ગામના

વતની.એમના મોઢેમોઢ સાંભળેલી કથા.કથા કહેતા એમની આંખથી લોહીભીનાં આંસુ દડ્યા નહી થીજી રહ્યા બે પાંપણો વચ્ચે વાત એમ બનેલી.ગામડાઓમાં પહેલા પ્રસુતિ માટે હોસ્પિટલમાં જવાનુ જરાય વલણ નહી.ગામમુખીના દીકરાની વહુ બહુ કષ્ટાય પ્રસુતિ વેળાએ,પણ છૂટકો થાય નહી.ગંગામાં દલિત,પણ સારા દાયણ,સવર્ણોને નાછૂટકે ક્યારેક ગંગામાની સેવા લેવી પડતી.એ અપમાનો સહીનેય સેવા કરતા.અદલિત મુખીના છોકરાની વહુની પ્રસૂતિ ગંગામાએ હેમખેમ કરાવેલી.એ જ મુખીના એ જ દીકરાએ ગંગામાના દીકરાની સગર્ભા વહુનો બળાત્કાર કરી કૂવામાં હળસેલી દીધેલી.ઓહ! મારે પહેલી વાર્તા લખવાની...લોહીના રંગથી લખી.થોડીક ગામઠી-દલિતભાષા ને ગ્રામીણ દલિત સમાજ,અદલિત સમાજ!લખ્યું,પણ ત્યારે આધુનિકતાનો સૂરજ તપતો હતો.મારી વાર્તા ગ્રામ તળની હતી.ટૂકડાઓમાં,સંવાદોમાં વહેચાયેલી.નામ આપેલુ બદલો(હવે નામ બદલી ગંગામા કર્યુ છે)ડરતા ડરતા ‘શબ્દસૃષ્ટિ’માં મોકલી.ત્યા સંપાદક હતા સુમનભાઇ શાહ,સુરેશ જોષી શાળાના પ્રખર વિદ્યાર્થી.મહિનો...બે...મહિના...ખલ્લાસ;વાર્તા ગઇ કે શું? ”[૧૬]

ટૂંકીવાર્તામાં પાત્રની કોઇ એક ક્ષણની સંવેદનાનો વિસ્તાર કરવામાં આવતો હોય છે.તેમાં સમગ્ર સમાજ પ્રસ્તુત કરવો સંભવિત બનતો નથી.પોતાના પરિચયમાં આવેલા પોતાના સમાજના પાત્રોની સંવેદનાનો વિસ્તારથી રજૂ કરવામાં નવલકથા જેવા સ્વરુપ ઉપર દલપત ચૌહાણ હાથ અજમાવે છે.પોતાના સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમને આમ કરવા પ્રેરે છે.પ્રથમ નવલકથા‘મલક’તેમની પાસેથી ઈ.સ.૧૯૯૧માં મળે છે.‘મલક’ને પ્રગટ કરવામાં દલિત સર્જકને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.પોતાના મલક પ્રત્યેની માયાને વ્યક્ત કરતા તેઓ નોંધે છે “હું મારા પૂર્વજો માટે તાદાત્મ્ય અનુભવવા લાગ્યો.તેમના વલવલાટ, કણસાટ, રીઝ-ખીજ, પીડા,સુખ-દુઃખ, પ્રેમ-ધિક્કાર, વીરતા, ઓશિયાળાપણુ, ભીરુતા મેં ખોતરવા માંડ્યા.”[૧૭] આ બાબત વિશે સર્જક‘નવલકથા અને હું’માં વિસ્તારથી જણાવે છે.તેઓ નોંધે છે “....પણ મારે તો મારાં જ પાત્રોની વાત કરવી છે.મારાં જેવા જ.એમના વલવલાટ, કણસાટ, રીઝ-ખીઝ, પીડા, સુખ, દુઃખ, પ્રેમ, ધિક્કાર, વીરતા, ઓશિયાળાપણું એય કેવાં?ફૂલથીય કોમળ અને પહાડથીય અડગ,શ્રદ્ધાવાન,અધમર્યા પણ જીન્દગીથી સમજૂતિ ન કરનારા.મારી સાથે જીવેલા અને મારાથી દૂર ચાલ્યાગયેલા.ગામડાઓની રઝડપાટમાં મળેલાં-જડેલા, હત્યામાં-આત્મહત્યામાં ખપેલા...પૂર્વજો-અનુજો...જાણે એક અનોખો મેળો.”[૧૮] પોતાના સમાજની વાસ્તવિકતાને નિરુપિત કરનાર દલિત સર્જક એ નિજાનંદ માટે લખતો નથી.પણ ઈતિહાસના હાસિયામાં રહી ગયેલી પોતાના દલિત સમાજની પીડા-વેદનાને સમાજ સમક્ષ મુકવાનુ સાહસ કરતો હોય છે.આ વિશેનો પોતાનો પ્રતિભાવ છતો કરતા સર્જક નોધે છે“ક્યારેક કોઇ કહે કે હુ તો નિજાનંદ માટે લખુ છું.ભલે!એને માટે એ સાચો હોય,હું...હું તો ધ્રૂજી જાઉં છું.લખતા જ થયેલ ઘટના ક્ષુબ્ધ કરી દે.મુંગા થઇ જવાય!કલમ અટકી પડે.કોઇ શું કહેશેની ચિંતા નહી.અસ્તિત્વ રોડાતુ લાગે.તોય મારી કથાઓ મારો/અમારો ઈતિહાસ છે.આ અંધારા ઉલેચવા માટેનો નાનકડો પ્રયાસ,જે સત્યની સાવ નજીક છે.”[૧૯] પોતાની પ્રથમ નવલકથા ‘મલક’ના પ્રાગટ્ય સાથે જ દલપત ચૌહાણની દલિત કથા સર્જક તરીકેની છાપ ગુજરાતી દલિત સાહિત્યમાં પડે છે.પ્રસ્તુત કૃતિને રઘુવીર ચૌધરી,દિલીપ રાણપુરા,રમેશ.ર.દવે,ભરત મહેતા,હરીશ મંગલમ,ચંદ્રકાંત ટોપીવાળા સહિત અનેકોએ પોતાના શબ્દોરુપી ફૂલોથી વધાવી લીધી.ત્યારબાદ તેમની સાહિત્ય યાત્રા ઉત્તરોઉત્તર લંબાતી

જાય છે.કવિતા અને નવલકથા ઉપરાંત તેમની પાસેથી નાટક,એકાંકી,નિબંધ,સંપાદન,અને વિવેચન જેવા ક્ષેત્રોમાં પણ પોતાનું યોગદાન આપ્યુ છે.ગુજરાતી દલિત સાહિત્યના આંદોલન પ્રતિ પ્રતિબદ્ધ એવા પ્રમુખ દલિત સાહિત્યકારોમાંના એક એવા સર્જક દલપત ચૌહાણ પાસેથી મળેલી સાહિત્યિક રચનાઓમાં પણ એવી જ પ્રતિબદ્ધતા આપણને જોવા મળે છે.તેમની પાસેથી ગુજરાતી દલિત સાહિત્યને નીચે મુજબની સાહિત્ય સેવા મળે છે.

૧.તો પછી.(કાવ્યસંગ્રહ) ૧૯૮૩

૨.મલક(નવલકથા)૧૯૯૧

૩.ગીધ(નવલકથા)૧૯૯૯

૪ક્યાં છે સૂરજ?(કાવ્યસંગ્રહ)૨૦૦૦.

૫.અનાર્યાવર્ત(નાટ્યસંગ્રહ)૨૦૦૦

૬.દુંદુંભિ(કાવ્ય સંપાદનગ્રંથ અન્ય સાથે)૨૦૦૧

૭.હરીફાઇ(એકાંકીસંગ્રહ)૨૦૦૧

૮.મૂંઝારો(વાર્તાસંગ્રહ)૨૦૦૨

૯.વણબોટી વાર્તાઓ(સંપાદન)૨૦૦૨

૧૦.પદચિન્હ(વિવેચન)૨૦૦૪

૧૧.ભળભાંખળું(નવલકથા)૨૦૦૪

૧૨.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ(સંશોધન)૨૦૦૮

૧૩.સમર્થન(વિવેચન)૨૦૦૯

૧૪.રાશવા સૂરજ(નવલકથા)૨૦૧૨

૧૫.શબ્દભેદ(વિવેચન)૨૦૧૫

૧૬.તળની બોલી(શબ્દકોશ)૨૦૦૯

૧૭.હું,સંભારણા અને સફર(લલિત નિબંધસંગ્રહ)૨૦૧૭

૧૮.બપોર(નવલકથા)૨૦૨૧

તેમને ગુજરાતી દલિત કવિતા ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન કરવા બદલ તેમના પ્રથમ કાવ્યસંગ્રહ‘તો પછી’ને ઇસ્કસ શાંતિ મૈત્રી પુરસ્કાર(૧૯૮૩)તેમજ‘ક્યાં છે સૂરજ?’કાવ્યસંગ્રહને શ્રેષ્ઠ પુસ્તક

પારિતોષિક(દ્વિતીય)ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઈ.સ.૨૦૦૦માં મળે છે.આ ઉપરાંત'દરબાર'વાર્તા માટે ગુજરાત સમાચાર આશ્વાસન ઈનામ(૧૯૯૧)'બાનું મૃત્યુ'વાર્તા માટે નાનુભાઈ દેસાઈ તાદર્થ્ય પુરસ્કાર(૧૯૯૪)'પાટણને ગોંદરે'નાટક માટે અખિલ ભારતીય રેડિયો નાટ્યલેખન માટે પ્રતિયોગીતા પારિતોષિક(૧૯૮૭-૧૯૯૮)'અનાર્યાવર્ત'માટે અખિલ ભારતીય રેડિયો નાટ્યલેખન પ્રતિયોગીતા પારિતોષિક(૧૯૮૯-૯૦)ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર(૨૦૦૦)'દીવાલો'એકાંકી માટે બટુભાઈ ઉમરવાડિયા પ્રથમ પારિતોષિક(૧૯૯૮-૯૯)ગુજરાત સાહિત્ય પરિષદ,શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક(પ્રથમ)૨૦૦3,ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર,હરીફાઈ એકાંકી સંગ્રહ માટે,સંતોકબા સુવર્ણચંદ્રક,૨૦૦૦ ગીધ નવલકથા માટે,દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ ૨૦૦૫-૦૬,ગુજરાત સરકાર,ભળભાંખળું નવલકથા માટે,પ્રિયકાંત પરીખ નવલકથા પારિતોષિક,ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ,ભળભાંખળું માટે,જલારામ વાર્તા પુરસ્કાર(દ્વિતીય)ઈ.સ.૨૦૦૮.ભેલાણ વાર્તા માટે,કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય પુરસ્કાર,ઈ.સ.૨૦૦૧-૦૨,દલિત સાહિત્ય સર્જન અને સેવા માટે,ઈબ્રાહીમ મોહમ્મદ સરવૈયા એવોર્ડ,ઈ.સ.૨૦૦૯,શ્રેષ્ઠ દલિત સાહિત્યકાર,ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી.અમદાવાદ,ધૂમકેતુ વાર્તા પુરસ્કાર,ઈ.સ.૨૦૦૯.ધૂમકેતુ પરિવાર,અમદાવાદ,ગુજરાત સમાચાર દૈનિક વાર્તા હરીફાઈ,આશ્વાસન ઈનામ,દરબાર વાર્તા માટે વગેરે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.બે સ્વતંત્ર સંપાદન ઉપરાંત 'આક્રોશ'(દલિત કવિતા ઋતુપત્ર એપ્રિલ ૧૯૭૮),'કાળો સૂરજ'(દલિત પ્રતિબદ્ધ કવિતા,ડિસેમ્બર ૧૯૭૯થી૧૯૮૫),'સર્વનામ'(વાર્ષિકી ૧૯૮૯,૧૯૯૦,૧૯૯૧),'શબ્દે બાંધ્યો સૂરજ','સ્વકીય'જેવા સંપાદનો તેમની પાસેથી મળે છે.તેમની કવિતા વિશે પ્રો.મોહમ્મદ ઈસ્હાક શેખ,ડો.જયંત પાઠક,યોસેફ મૅકવાન,દિનેશ દેસાઈ,રમેશ પારેખ,'કવિલોક'ના તત્કાલીન તંત્રી,પ્રવીણ ગઢવી,હસીત બુચ,પ્રો.આલોક ગુપ્તા,પ્રો.યશવંત વાઘેલા,ડો.પથિક પરમાર વગેરેએ લખ્યું છે.તેમની વાર્તાઓ વિશેના આસ્વાદ,પ્રતિભાવ અને વિવેચનાત્મક લેખો પ્રો.ભરત મહેતા,હરીશ મંગલમ,રવીન્દ્ર ઠાકોર,બાબુ દાવલપુરા,પૂનમચંદ્ર પરમાર,રમણ વાઘેલા,શરીફા વીજળીવાળા,મોહન પરમાર,સુમન શાહ વગેરે પાસેથી મળે છે.આ ઉપરાંત તેમની નવલકથાઓ વિશે પારુલ દેસાઈ,ડો.ચંદ્રકાંત ટોપીવાળા,ભરત મહેતા વગેરેએ ઉમળકાભેર લખ્યુ છે.તો તેમના નાટક-એકાંકીઓ વિશે સતીશ વ્યાસ,ડો.પરમ પાઠક વગેરેએ વિવેચનાત્મક ટિપ્પણીઓ કરી છે.આમ,પોતાની કલમ દ્વારા સાહિત્યના વિવિધ સ્વરુપોમાં આંબેડકરી ચેતનાને શબ્દરુપ આપી દલિત સમાજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને સાબિત કરનાર સર્જક દલપત ચૌહાણનું પ્રદાન ગુજરાતી દલિત સાહિત્યના વિકાસ-વિસ્તારમાં નોંધપાત્ર રહ્યુ છે.દલિત સમાજ અને સાહિત્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુરાવો હજુ પણ તેઓ આપી રહ્યા છે.આરામ કરવાની ઉમરમાં પણ તેઓ દલિતચેતનાને શબ્દરુપ આપવાની ગડમથલ કરતા જોવા મળે છે.તેમના સાહિત્ય પર દસેક જેટલા વિદ્યાર્થીઓ એમ.ફિલ થયા છે.'દલપત ચૌહાણ વ્યક્તિત્વ અને વાન્ગમય'વિષય સાથે ડો.રમેશ સોનારાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડીની ડીગ્રી મેળવેલ છે તો લલ્લુભાઈ વણકરે 'ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણનું પ્રદાનઃએક સમીક્ષાત્મક અભ્યાસ'વિષય સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડીની ડીગ્રી મેળવેલ છે.

પ્રતિબદ્ધ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણ ગુજરાતી દલિત સાહિત્યના પ્રાંરભકોમાંના એક છે.સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીએ તેમને ગુજરાતી દલિત કવિતાના આદ્ય કહ્યાં છે તેમ છતાં સમાજમિત્ર સામયિકના સંપાદક નટુભાઇ પરમાર સાથેની મૂલાકાતમાં તેઓ પોતાની નમ્રતા દાખવતા કહે છે કે "ગુજરાતમાં દલિત સાહિત્યનો હું એકમાત્ર જનક નથી.એ તો દલિત સાહિત્યકારોનાં સામૂહિક પ્રયાસનું પરિણામ છે.હા, દલિતો વિશે લખનારા સાહિત્યકારોને મેં એક છત નીચે ભેગા કર્યા, અદલિતો સામે ઊભા રહેવાની હામ આપી અને સૌએ પોતાના ગજા પ્રમાણે લખ્યું.દલિતો માટે લખનારા આઝાદી પૂર્વે પણ હતા. ડૉ.બાબાસાહેબના નિર્વાણ વેળા ૧૯૫૬માં સો જેટલા કવિઓ દ્વારા કવિતાઓ લખાયેલી,પછી સંકલનના અભાવે બધી ખોવાઇ ગઇ.કવિતાઓનું અંજલિ નામે ૧૯૮૫માં સંપાદન થયું..પણ અહી આ વેળા અમે બધાને સાથે જોડયાં.જોસેફ મેકવાન અને બી કેશરશિવમ જેવાં સર્જકોને ફરીથી દલિત સાહિત્યધારામાં લઈ આવ્યા. અને એકવાર સાથે જોડાયા પછી તમામ દલિત સાહિત્યકારો દલિત સાહિત્યને સ્થાપિત કરવાં-તેનો પ્રસાર,પ્રચાર કરવા સ્થાપિત સાહિત્યની સંસ્થાઓની સામે થયા. દેખાવો કર્યા, માસિક-ત્રિમાસિક પત્રિકાઓ કાઢી.કવિતાસંગ્રહો,વાર્તાસંગ્રહો,રેખાચિત્ર સંગ્રહો, નવલકથાઓ પ્રકાશિત થવા માંડી.અંતે દલિત સાહિત્યના આ પ્રવાહને ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યધારા તરીકે તેમને સ્વીકારવો પડયો.

લાલદરવાજા(અમદાવાદ)પોએટસ વર્કશોપ,દલિત સાહિત્ય સંઘ અને બીજી કેટલીક સાહિત્યની સંસ્થાઓ શરુ થઇ.ચાલીઓ અને ગામડાઓમાં દલિત કવિતાના સંમેલનો થયા.દલિતોના અત્યાચાર વખતે નીકળતી રેલીઓમાં કવિઓ ભાગ લેતા થયા આમ દલિત કવિતાને મંચ મળ્યો.સાંબરડા સત્યાગ્રહ,અનામત આંદોલનોમાં દલિત કવિઓ સક્રિય રહ્યા.ગુજરાત વિદ્યાપીઠમાં અજ્ઞેયજી સામે દેખાવો કરી ગુજરાતી સાહિત્યકારો વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો.સાહિત્ય પરિષદના વડોદરા અધિવેશનમાં ગાંધી હોલ ખાતે દેખાવો કર્યા.કાળો સૂરજનું વેચાણ કર્યુ.પાડોશના મુંબઇ અને મહારાષ્ટ્રના દલિત સાહિત્યકારોએ તેની નોંધ લીધી.અમદાવાદમાં સાહિત્ય પરિષદના જાતિવાદી પ્રમુખના ઘેરાવમાં ઘણાં દલિત સાહિત્યકારોએ ભાગ લીધો.બગલથેલામાં કાળો સૂરજના અંકો રાખી એ સંમેલનોમાં વેચ્યા-વહેચ્યા.સૌથી મોટી વાત એ બની કે,આવા પગલાઓને પરિણામે દલિત સાહિત્યકાર મેદાનમાં ઉતર્યો-ખૂલીને લખવા માંડયો."[૨૦]

દલિત સાહિત્યમાં સામાજિક પ્રતિબદ્ધતા સંદર્ભે તેઓ જણાવે છે "અસ્પૃશ્યતાથી જે પીડા ઉપજે છે તેના કરતાંય વધારે પીડા અસ્પૃશ્યાતાની સમજથી ઉદભવે છે.પજવનારી તો અસ્પૃશ્યતા જ છે.એનું રુપ ઓક્ટોપસ જેવું છે. એને હજારો હાથ છે.જે હાથને સ્પર્શ કરો ત્યાં અત્યાચાર, ધિક્કાર, વેર, કુંઠિતતા, વ્યથા, પીડા, દમન એમ ગણતાં જાઓ.તમામ સમસ્યાઓ તેમાંથી જન્મ પામે છે.ભલે તે આર્થિક,સામાજિક રાજકીય કે ધાર્મિક હોય,એણે જ મને સામાજિક પ્રતિબદ્ધતા તરફ દોર્યો છે."[૨૧]

સામાજિક પ્રતિબદ્ધતાની સાથોસાથ સર્જક દલપત ચૌહાણ પોતાની સર્જનપ્રક્રિયા સંદર્ભે જણાવે છે કે"સર્જનપ્રક્રિયા વિશે શું કહેવું?જરુર પડે ત્યારે લખવું.ગમે ત્યાં બેસીને લખવું.અરે!કાગળની

ચબરખીમાંય મુદ્દા ટપકાવી શકાય પછી નિરાંતે બે-ત્રણ વાર લખવું-સુધારવું.છપાયા પછીય સુધારો ચાલું રહે."[૨૨]

ગુજરાતી ભાષાના જાણીતા વિવેચક સુમન શાહ સાથેની મુલાકાતમાં એક પ્રશ્નના જવાબમાં તેઓ સાહિત્યકાર તરીકેની પોતાની ઓળખ સંદર્ભે ખુલાસો આપતા જણાવે છે "હું સાહિત્યકાર,એ વાત મન હજી માનતું નથી.નથી માનતું તોય કહું:મારી પહેલી દલિત કવિતા'આર્તનાદ'નામના પખવાડિક સામયિકમાં છપાઇ,કવિતા હતી 'વ્યથા'.લગભગ ૧૯૭૪માં.આ કવિતા છપાઇ એને પ્રારંભબિન્દુ ગણું ખરો.હજી સુખભાવ અનુભવાવે એવું ક્યાં કશું લખ્યું છે?રાહ જોઉં છું-ક્યારેક કદી નીપજી આવે."[૨૩]

"લખ્યાં વિના જંપ વળતો નથી.કંઇક ને કંઇક કરીએ તો દિવસ સુધરે.છેવટે પેનથી કાગળમાં લીટા કરી ફાડવાય પડે.હા,ઊંચા નિશાન તાકવાં છે.પણ ઊંચા નિશાન કહેવાય તે હજી સમજાયું નથી.એક આત્મકથાત્મક નવલકથા કરવી છે.બે-ત્રણ પેઢીઓની વાત સાથેની,દલિત જીવનની વિડંબનાઓની.એક અમદાવાદની કથા કહેવી છે.લેખિની દ્વારા શું પ્રગટે એ બિચારો લેખક શું કહે?લોકો એના તારણ કાઢે.આમ દલિત સાહિત્યધારા મારફતે ગુજરાતી સમાજનું ચિત્ર પૂરું કરવાનો ઉપક્રમ હતો તે હજી પૂર્ણ થયો નથી,એટલે લખવું ચાલું રાખવું પડેને!"[૨૪]

સાહિત્યકાર તરીકે તેઓ કોને પોતાના આદર્શ ગણે છે એ સદર્ભે તેઓ જણાવે છે"મેં કોઇ દ્રોણનું શરણ લીધું નથી.એટલે મારો અંગૂઠો સલામત છે.એકલતાની વાત મેં ગાંઠે બાંધી દીધી છે.અભ્યાસ હી ગુરુ હૈ.લખવાનું તો પાંત્રીસ વર્ષની ઉંમરે શરુ કરેલું.વાચને સાહિત્યરસિયો કરેલો,મિત્રોની પ્રેમિકોને માટે,મિત્રોવતી લાંબા-લાંબા પત્રો લખેલા,એ લખવાની પહેલી મૂડી.પ્રારંભકાર તો છેલ છબો ને અડુકિયો દડુકિયો,ઉસ્તાદજી અને ભેરુસિંહ,ટારજન અને જે મળે તે.પછી વાંચ્યું છેક યાસુનારી કાવાબાતા સુધી.દુનિયાની જે કોઇ ભાષાનાં ઉત્તમ પુસ્તકો ગુજરાતી-હિન્દીમાં મળ્યાં તે વાંચ્યાં સંસ્કૃત-અંગ્રેજી-જર્મન-રશિયન.મને બે જ ભાષાઓ સારી રીતે આવડે છે:ગુજરાતી-હિન્દી.અંગ્રેજી કામચલાઉ.જેટલાં ગુજરાતી-હિન્દીમાં ભાષાંતરો મળે તે બધાંમાં જવાની ઈચ્છા ખરી.આમ ગણીએ તો સંસ્કૃતમાં કાલિદાસનાં નાટકોમાં મજા પડી છે,તો સામે 'વેઈટિંગ ફૉર ગોદો'માં ડૂબી જવાય,'તુઘલક' જોતાં અને વાંચતાં નશો થઈ જાય.'આધે અધુરેમાં ડૂબી જવાય',વર્જીલઘોર્ઘ્યુની નવલકથા 'પચીસમો કલાકક' હોય કે બાલઝાકનું 'અંતિમ ચુઆન',કામુનું 'આઉટ-સાઈડર' હોય કે 'બાણભટ્ટ કી આત્મકથા'-આ બધું ફરી ગયું છે નજર તળેથી,હ્રદય ઉપરથી,હવે તેમના નામેય યાદ ન આવે.ગમ્યાં હતાં ખૂબ જે-તે સમયે.હવે ફક્ત વાતો.હું જમારો રોલમૉડલ થવા પ્રયત્નશીલ છું.જેમ ફાવે તેમ લખવું,કોઈની પાછળ જવું નહીં."[૨૫]

અંતમાં કાવ્યાત્મક શૈલીમાં સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીએ દલત ચૌહાણ વિશે કહેલી વાત નોંધી લઈએ

"વિસુવિયસ પ્હાડ જેવો

સતત

જીવતો જ્વાળામુખી

ધખ્યા કરતો

શબ્દથી

ન જીવને જંપ

પરાધીનતાની સાંકળો

તોડતો

મદોન્મત્ત હસ્તિ જાણે

દૃઢશૂળ શબ્દથી

ઉછાડતો ભોંયે પછાડતો

આતતાઈ

ઈતિહાસનો

અર્જુન જુએ ફક્ત કીકી

મલકના સ્મરણે માખણ મુલાયમ

ગીધ નજરે જોતો ભક્ષ્ય

લક્ષ્ય એકઃ

દલિત વિદ્રોહ."[૨૬]

## સંદર્ભ સૂચિઃ


૧.મલક,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્રથમ આવૃતિ-૨૦૧૦,પૃષ્ઠ નં.૧૦-૧૧

૨.એજન,પૃષ્ઠ નં.૧૨

૩.એજન,પૃષ્ઠ નં.૧૨

૪.તો પછી,દલપત ચૌહાણ,પ્રથમ આવૃતિ ૧૯૮૨,પૃષ્ઠ નં.૧૧

૫.મલક,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્રથમ આવૃતિ ૧૯૯૧,પૃષ્ઠ નં.૧૩

૬.ટૂંકી વાર્તા અને હું,સંપાદકઃહર્ષદ ત્રિવેદી,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃષ્ઠ નં.૭૯

૭.એજન,પૃષ્ઠ નં.૮૧

૮.મલક,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્રથમ આવૃતિ ૧૯૯૧,પૃષ્ઠ નં.૧૩

૯.ટૂંકી વાર્તા અને હું,સંપાદકઃહર્ષદ ત્રિવેદી,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃષ્ઠ નં.૮૦

૧૦.મલક,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્રથમ આવૃતિ ૧૯૯૧,પૃષ્ઠ નં.૧૪

૧૧. દલિત અધિકાર,પાક્ષિક,અંક ૫-૬,સંપાદકઃચંદુ મહેરિયા,પૃ.૧

૧૨.એજન,પૃ.૧

૧૩. ટૂંકી વાર્તા અને હું,સંપાદકઃહર્ષદ ત્રિવેદી,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૦,પૃષ્ઠ નં.૮૨

૧૪.એજન,પૃષ્ઠ નં.૮૨

૧૫.એજન,પૃષ્ઠ નં.૮૩

૧૬.એજન,પૃષ્ઠ નં.૮૪

૧૭.નવલકથા અને હું,સંપાદકઃહર્ષદ ત્રિવેદી,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૦૯,પૃષ્ઠ નં.૧૮૬

૧૮.એજન,પૃષ્ઠ નં.૧૮૬

૧૯.એજન,પૃષ્ઠ નં.૧૮૯

૨૦. ઓપીનીયન મેગેઝીન.કો.યુકે.

૨૧.શબ્દભેદ,દલપત ચૌહાણ,ગૂર્જર એજન્સી,પ્ર.આ.૨૦૧૫,પૃ.૧૧૪

૨૨.એજન,પૃ.૧૧૬

૨૩.એજન,પૃ.૧૧૮

૨૪.એજન,પૃ.૧૧૮

૨૫.એજન,પૃ.૧૧૯/૧૨૦

૨૬. અનાર્યાવર્ત.દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્રથમ આવૃતિ ૨૦૧૨,પૃ.૮